| PUBLICATION NAME : | Prabhat |
| --- | --- |
| EDITION : | Ahmedabad |
| DATE : | 21/04/2023 |
| PAGE : | 3 |

# EDII ઉદ્યોગ સાહસિકતાના શિક્ષણ, તાલીમ, સંશોધન અને સંસ્થાન નિર્માણના ક્ષેત્રે સર્વોચ્ચ સંસ્થા બની




ઈડીઆઈઈ તરીકે જાણીતી આંત્રપ્રિન્યોરશિપ ડેવલપમેન્ટ ઈન્સ્ટિટ્યૂટ ઓફ ઈન્ડિયાની સ્થાપના રાષ્ટ્રીય સ્તરની નાણાંકીય સંસ્થાઓ જેમ કે આઈડીબીઆઈ બેંક લિમિટેડ, આઈએફસીઆઈ લિમિટેડ, આઈસીઆઈસીઆઈ લિમિટેડ, સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયા અને ગુજરાત સરકારના સમર્થન સાથે ૧૯૮૩માં નેશનલ રિસોર્સ ઈન્સ્ટિટ્યૂટ તરીકે કરવામાં આવી હતી.

આંત્રપ્રિન્યોરશિપ ડેવલપમેન્ટ પ્રોગ્રામ્સના વિચાર સાથે ઈડીઆઈઆઈની શરૂઆત થઈ અને પછીથી તેમની પરિણામલક્ષીતા ચકાસવા માટે આ પ્રોગ્રામ્સ લોન્ચ કર્યા. આના પગલે વધુ ફાઈન ટ્યુનિંગ થયું અને ઈડીઆઈઆઈપ્રઈડીપી મોડલ તરીકે જાણીતું ન્યૂ એન્ટરપ્રાઈઝ ક્રિએશન માટે ટ્રેનિંગ મોડલ બહાર આવ્યું. નવા ઔદ્યોગિક એકમો બનાવવાના પ્રયાસોથી લઈને ઈડીઆઈઆઈની વ્યૂહરચના ધીમે ધીમે રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય સ્તરે વિસ્તરી છે જેમાં નીતિની હિમાયત, ઉદ્યોગસાહસિકતા શિક્ષણ, ક્લસ્ટર વિકાસ, બિઝનેસ ડેવલપમેન્ટ સર્વિસીઝ, સૂક્ષ્મ અને નાના એકમોનો વિકાસ, સીએસઆર પ્રોજેક્ટ અમલીકરણ અને સંસ્થા નિર્માણના ક્ષેત્રોને આવરી લેવામાં આવ્યા છે.

ઈડીઆઈઆઈનું માનવું હતું કે વૃદ્ધિ સર્વસમાવેશક હોવી જોઈએ અને ઉદ્યોગસાહસિકતા એ વિકાસનું સાધન બની શકે છે જે તમામ વર્ગના અને વિભાગોના લોકો માટે તકો ઊભી કરી શકે છે. આમ, સંસ્થાએ સંભવિતતા ધરાવતા અને હાલના ઉદ્યોગસાહસિકો, લઘુમતી અને વંચિત સમુદાયો, એમએસએમઈ અને સપોર્ટ સિસ્ટમના લોકો સહિત અર્થતંત્રના વિવિધ ક્ષેત્રો અને વિભાગોને અસર કરવા માટે તેની વ્યૂહરચનાનો વિસ્તાર કર્યો, જેથી દેશના વિકાસ માટે ઉદ્યોગસાહસિકતા એક મજબૂત આધાર બની શકે.

ઈડીઆઈઆઈની શરૂઆત ૧૯૮૦ના સમયમાં થઈ ત્યારે સમાજમાં ઉદ્યોગસાહસિકતા અંગે ડરની લાગણી પ્રવર્તતી હતી. મોટાભાગના લોકો તેના વિરોધમાં હતા અને જૂજ લોકો જ તેની તરફેણ કરતા હતા. જોકે, ૧૯૮૩થી ઈડીઆઈઆઈએ લાંબી મજલ કાપી છે અને ઉદ્યોગ સાહસિકતાના શિક્ષણ, તાલીમ, સંશોધન અને સંસ્થાન નિર્માણના ક્ષેત્રે સર્વોચ્ચ સંસ્થા બની છે.આ ઈન્સ્ટિટ્યૂટે આ ક્ષેત્રના નેશનલ રિસોર્સ ઈન્સ્ટિટ્યૂટ તરીકે શિસ્તની વિશ્વસનીયતા સ્થાપિત કરી છે, ઉદ્યોગસાહસિકતા અને સ્ટાર્ટ અપ પ્રમોશન માટે રાષ્ટ્રીય નીતિ ઘડતરમાં યોગદાન આપ્યું છે અને ઉદ્યોગસાહસિકતાને વ્યાપક રીતે કારકિર્દીની પસંદગીનો વિકલ્પ બનાવ્યો છે.